## અમદાવાદના મે. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, અમદાવાદ

**ક્રિ.કેસ નં. 63473/19**

**આંક –૧ લગત હુકમ**

(૧) સદરહું કામે તપાસ કરનાર અમલદારે હાલના આરોપી સામે જી.પી.એકટની કલમ–૧૩૧/૧૩૫ તેમજ ઈ.પી.કો.ની કલમ–૧૮૮ મુજબનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) મજકુર કેસની હકીકત જોતા હાલના આરોપીએ જી.પી.એકટ કલમ ૫૬/૫૭ અંતગર્ત મે.પોલીસ કમીશ્નર શ્રીએ બહાર પાડેલ જાહેરનામાનો ભંગ કરેલ હોઈ આરોપી સામે જી.પી.એકટની કલમ –૧૩૧/૧૩૫ તથા ઈ.પી.કો.ની કલમ–૧૮૮ મુજબનો ગુનો કરેલ હોઈ પોલીસે એફ.આઈ.આર દાખલ કરી તપાસના કાગળો અને ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૩) ઉપરોકત હકીકતે અત્રેની અદલતમાં ચાર્જશીટ રજુ થતાં અદાલત ધ્વારા સીઆરપીસી કલમ– ૧૯૦ (૧) (ખ) અંતગર્ત કોગ્નીજન્સ લેવામાં આવેલ છે.પંરતુ સદરહુ કેસનુ બારીકાઈથી નિરીક્ષણ કરતાં આરોપી સામે જયારે જી.પી.એકટની કલમ–૧૩૧ તથા ઈ.પી.કો.ની કલમ–૧૮૮ મુજબની શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોઈ, સદરહુ ગુનો કોગ્નીજેબલ છે કે નોન કોગ્નીજેબલ તે હકીકત મહત્વની બની જાય છે. આ બાબતે ગુજરાત પોલીસ એકટની જોગવાઈઓ સાથે ક્રી.પ્રો.કો.ની કલમ– ૧૯૫ ની જોગવાઈ ધ્યાને લેતાં કલમ–૬૨ માં આ પ્રકારના કીસ્સાઓ બાબતેની કાર્યવાહીની જોગવાઈઓ કરવામાં આવેલ છે. તે મુજબ અને તે વ્યકિતએ આવા હુકમનો ભંગ કરેલ હોય તો પોલીસ જી.પી.એકટની કલમ–૭૨(૨) અંતગર્ત તેવી વ્યકિતને વગર વોંરટે એરેસ્ટ કરી શકાશે, અને તે રીતે જી.પી.એકટની કલમ ૭૯ જોતાં પોલીસની હાજરીમાં કલમ– ૧૧૦, ૧૧૭, ૧૨૫, ૧૩૦ અને ૧૩૧ની પેટા કલમ (૧)(૪) અથવા (૫) અને કલમ–૧૩૫ ની પેટા કલમ (૧) અને કલમ ૩૯ અને ૪૦ ના ઓર્ડરના ભંગના બદલના ગુના સબબ કોઈપણ આરોપીની વગર વોરંટે ધરપકડ કરી શકાશે.

(૪) આથી ઉપરોકત તમામ જોગવાઈઓ તથા જી.પી.અકેટની કલમ–૭૨ વાંચતા જી.પી.એકટ કલમ–૧૩૧ ના હુકમના ભંગ બદલ કોઈ આરોપી મળી આવે તો માત્ર વગર વોરંટે ધરપકડ કરી શકવાના અધિકાર કાયદાએ આપેલા છે. આ સિવાય અન્ય કોઈ જોગવાઈ કોગ્નીજેબલ કે નોન–કોગ્નીજેબલ માટે દર્શાવેલ નથી.

(૫) હવે જયારે ગુજરાત પોલીસ એકટમાં કલમ–૧૩૧ કોગ્નીજેબલ કે નોન કોગ્નીજેબલ છે, તે બાબતે સાયલન્ટ હોય ત્યારે કાયદાના પ્રસ્થાપિત સિંધ્ધાતો એટલે કે સીઆરપીસી કલમ ૪(૨)ની જોગવાઈ જોતા સીઆરપીસીની જોગવાઈઓ લાગુ પાડી શકાય અને સીઆરપીસીમાં કોગનીજેબલ અને નોન કોગ્નીજેબલ ગુનાની વ્યાખ્યા આપેલ છે, તે જોતાં આઈપીસીના ગુનાઓ બાબતે અનુસુચી–૧ પાર્ટ–૧ માં જોગવાઈઓ કરેલ છે, જયારે આઈપીસી સિવાયના અન્ય કાયદાઓના ગુના સબબ સીઆરપીસી અનુસુચી–૧ પાર્ટ–૨ માં જોગવાઈ કરેલ છે તે મુજબ જે ગુનાની સજા ત્રણ વર્ષ કરતા ઓછી અથવા દંડ અથવા બંને હોય તો તેવા ગુનાઓનો સમાવેશ નોન કોગ્નીજેબલ ગુનાઓમાં કરવામાં આવેલ છે.

(૬) હવે જી.પી.એકટ કલમ–૧૩૧ ના ગુનામાં સજાની જોગવાઈ જોઈએ તો મહતમ સજા ૬ માસ સુધીની છે, અને ઉપર ચર્ચા કર્યા મુજબ જયારે જી.પી.એકટમાં સદર ગુનો કોગ્નીજેબલ હોવા બાબતનો કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ ન હોય તેવા સંજોગોમાં સીઆરપીસીની કલમ ૪(૨) ની

જોગવાઈઓ ધ્યાને લેતાં સીઆરપીસીની જોગવાઈઓ લાગુ પાડી શકાય તેમ હોય, તેથી સીઆરપીસી શીડયુલ–૧ પાર્ટ ૨ ની જોગવાઈઓ ધ્યાને લેતાં તથા જી.પી. એકટની કલમ–૧૩૧ ના ગુનાની મહતમ સજાને ધ્યાને લેતાં સદર ગુનો નોન કોગ્નીજેબલ ગુનો ગણી શકાય.

(૭) હવે જી.પી.એકટની કલમ–૭૨(૨) કે જેમાં જી.પી.એકટ કલમ–૧૩૧ ના ગુના બાબતેની કાર્યવાહીનો ઉલ્લેખ કરેલ છે, અને તેજ રીતે જી.પી.એકટની કલમ ૭૯, ૮૦ માં જી.પી.એકટના બીજા ગુનાની કાર્યવાહી દર્શાવેલ છે, અને બંનેની કાર્યવાહી એકસરખી છે, બંને જોગવાઈઓમાં માત્ર પોલીસને વગર વોરંટે ધરપકડ કરવાના પાવર્સ આપેલા છે, અને તે હકીકતને ટાંકીને નામદાર વડી અદાલતે ક્રીમી.મી.એ.નં.૧૫૨૨૬/૦૭ કે જે વાઘરી જયોત્સનાબેન ગોવીંદભાઈ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, માત્ર વગર વોરંટ ધરપકડ કરવાના અધિકારથી જ ગુનો કોગ્નીજેબલ બની જતો નથી, અને તેથી તપાસ કરનાર અમલદાર સીઆરપીસીની કલમ–૧૫૫ (૨)ની પરવાનગી સિવાય આવા ગુનામાં તપાસ કરી શકે નહી અને આવો કોઈ કીસ્સો બને તો પ્રથમ સીઆરપીસીની કલમ–૨(ડી) મુજબની ફરીયાદ દાખલ કરી કોર્ટ પાસેથી પરવાનગી મેળવ્યા બાદ જ આગળની તપાસ કરી શકાય અને દેખીતી રીતે જ જયારે સીઆરપીસીની કલમ–૧૫૫(૨)ની જોગવાઈઓનો ભંગ થયેલ હોય ત્યારે સમગ્ર ટ્રાયલ દુષિત ગણાય.

(૮) વળી, જી.પી.એકટની જોગવાઈઓ ધ્યાને લેતાં માત્રને માત્ર કલમ ૯૦ એ, ૧૧૮ અને ૧૪૩ બી ને કોઝનીજેબલ ઓફેન્સ તરીકે સ્પેશીફીકલી દર્શાવેલ છે, તે હકીકતને પણ ધ્યાને લેતાં લેજીસલેચરનો ઈરાદો સ્પષ્ટ થાય છે કે તે સિવાયના જી.પી.એકટ મુજબના ગુના કોગ્નીજેબલ ગણી શકાય નહી અને જયારે સ્પેશિયલ એકટમાં સીધીજ જોગવાઈઓ કરેલ હોય ત્યારે તે ધ્યાને લઈ શકાય, અને તે રીતે જોતાં પણ જી.પી.એકટ કલમ–૧૩૧ મુજબનો ગુનો નોન કોગ્નીજેબલ ગણી શકાય.

(૯) વધુમાં આ કામમાં ઈ.પી.કો.ની કલમ–૧૮૮ જોતા તેની સાથે ક્રી.પ્રો.કો.ની કલમ–૧૯૫ ની જોગવાઈ ધ્યાને લેતાં તેમા સ્પષ્ટપણે જણાવેલ છે કે ઈ.પી.કો. કલમ–૧૭૨ થી કલમ–૧૮૮ મુજબના ગુનામાં કોઈ પણ કોર્ટ કોગ્નીજન્સ લઈ શકે નહી, સિવાય કે કોઈ પબ્લીક સરર્વન્ટ લેખીતમાં ફરીયાદ રજુ કરે અને આ કીસ્સામાં કોઈ જાહેર નોકર ધ્વારા લેખીતમાં કોર્ટ સમક્ષ ફરીયાદ આપવામાં આવેલ નથી. પરંતુ ક્રી.પ્રો.કો.ની કલમ–૧૫૪ હેઠળ એફઆઈઆર ધ્વારા કાર્યવાહી માંડવામાં આવેલ છે તે સંજોગોમાં નામદાર વડી અદાલતોના નીચે દર્શાવેલ ચુકાદાઓની હકીકત વંચાણે લેવામાં આવે તો,

***(1)*** *In* ***Daulat Ram v/s. State of Punjab, 1962 AIR 1206, Hon'ble Supreme Court described the scope of Section 195 Cr.P.C. and held that as per section 195 Cr.P.C.*** *Complaint must be in writing by the public servant concerned and if there is no compliance of this section then the trial was without jurisdiction and the conviction can not be maintained.*

***(2)*** *In* ***Gaurishanker Jha v/s. Chintanath Jha,*** *Hon'ble Patna High Court held that if it appears that when the cognizance has been taken and the defect of want of jurisdiction or absence of sanction crops up, then the court should not proceed with the trial. If witnesses have been produced by both sides when a court has no jurisdiction or there is inherent want of sanction, the prosecution becomes bad, illegal and without*

*jurisdiction.........All proceeding are to be dropped or complaint has to be dismissed but definitely no order of acquittal or discharge can be passed.*

***(3)*** *In* ***Kanjibhai v/s. State on 16 March, 2010. Criminal Misc. Application no.348 of 1995,*** *Hon'ble Gujarat High Court held in para 7 that, in view of the provisions of sub-section(1) of section-195, which expressly bars taking of cognizance of an offence under section-188 except as provided thereunder, read with section-2(d) of the Code, it was not permissible for the learned Judicial Magistrate First Class to take cognizance of the offence in question on the basis of a charge-sheet filed pursuant to the first information report lodged by the respondent No.2. In the light of the provisions of section 195(1)(a), the Court could not have taken cognizance of the offence under section 188 IPC except on a complaint in writing by the public servant concerned or some other public servant to whom he is administratively subordinate.*

***(4)*** *In* ***Arvind Kejriwal & Ors. v/s. Amit Sibal & Anr., Cri.Misc. Application no.18920-21/2013.*** *it was held by Hon'ble Delhi High Court that, If the trial court proceeds to drop the proceedings qua petitioners, then the Apex Court's decision in Adalat prasad v/s. Rooplal Jindal and Ors. (2004) 7 SCC 338 would not stand in the way of trial court to do so.*

(૧૦) આમ ઉપરોકત સમગ્ર કેસ લો તથા જી.પી.એકટની કલમ–૬૨, ૬૬, ૭૨, ૭૯, ૮૦ ની સાથે સીઆરપીસીની કલમ–૪(૨)અને અનુસુચી–૧ પાર્ટ–૨ વંચાણે લેતાં જી.પી.એકટની કલમ–૧૩૧ તથા ઈ.પી.કો.ની કલમ–૧૮૮ મુજબનો ગુનો નોન કોગ્નીજેબલ હોવાનુ નિર્વિવાદપણે ફલીત થાય છે, અને જયારે ગુનો નોન કોગ્નીજેબલ હોય ત્યારે આઈઓએ સીઆરપીસીની કલમ–૨(ડી) મુજબ લેખીત ફરીયાદ કરી સીઆરપીસીની કલમ–૧૫૫ (૨) મુજબ કોર્ટની પરવાનગીથી આગળની તપાસ કરવી જોઈએ જે હાથ પરના કેસમાં થયેલ જણાતુ નથી અને તપાસ કરનાર અમલદારે સીધેસીધી સીઆરપીસી કલમ–૧૫૪ મુજબનો પ્રથમ બાતમી અહેવાલ નોંધી આગળની તપાસ કરેલ હોય જે પ્રથમ દર્શનીય રીતે જ સમગ્ર કાયદાને દુષીત બનાવતી હોઈ અને કાયદાની આદેશાત્મક જોગવાઈઓ પાલન થયેલ ન હોય સદર કામ સીઆરપીસી કલમ–૧૫૫(૨) થી સંર્પુણપણે બાધીત થવાનુ ફલીત થતુ હોય, ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસીસ ઓથોરીટીના પરિપત્ર અન્વયે નામદાર ચેરમેનશ્રી, લીગલ સર્વીસ કમિટિ, મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ, અમદાવાદના **નોટીફીકેશન નંબર:૫૦/૨૦૧૯ તા:૯/૧૨/૨૦૧૯** ધ્વારા સ્પેશ્યલ સીટીંગ અન્વયે સદર કામ સબબ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**<u>હુ ક મ</u>**

સદરહુ કેસની કાર્યવાહી સીઆરપીસીની કલમ–૧૫૫(૨)થી બાધીત હોય ફરીયાદી ને કાયદા મુજબના યોગ્ય પગલા લેવાની છુટ સાથે હાલની કાર્યવાહી સીઆરપીસી કલમ–૨૫૮ અંતર્ગત ડ્રોપ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**(એ.વાચ.દવે)**
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
અમદાવાદ.
કોડ નં. GJ00451

અમદાવાદ.
તા. ૧૪.૧૨.૨૦૧૯